# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: MONDAY** **National News**

### આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

**************************************************

1) દેશની સલામતીની ચર્ચા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં ઉચ્ચ-સ્તરીય બેઠક યોજાઇ.
2) દેશના 32 હવાઇ મથકો ઉપર નાગરિક ઉડ્ડયન પર લાગેલો પ્રતિબંધ તાત્કાલિક અસરથી હટાવાયો
3) છત્તીસગઢમાં રાયપુર નજીક થયેલા માર્ગ અકસ્માતમાં ૧૩ના મોત
4) ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુધ્ધ વિરામ બાદ શેરબજારમા ભારે ઉછાળો.. સેન્સેક્સ 2500 વધુ અને નિફ્ટી 780 અંક વધ્યો
5) ચૌદ વર્ષની લાંબા કારકિર્દી બાદ વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને આજે એક ઉચ્ચ-સ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ, વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ અનિલ ચૌહાણ, ત્રણ સશસ્ત્ર સેનાઓના પ્રમુખ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# ARMY BORDER

સેનાએ જણાવ્યું, જમ્મુ-કાશ્મીર અને આંતર-રાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા કેટલાક વિસ્તારમાં ગઈકાલે રાત્રે પરિસ્થિતિ એકંદરે શાંતિપૂર્ણ રહી. સેનાએ જણાવ્યું, કોઈ પ્રકારની ઘટનાની માહિતી મળી નથી.

. . . . . . . . . . . . . . . .

# AIRPORT OPERATION – RESUME

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ નાગરિક વિમાન સંચાલન માટે અસ્થાયી રૂપે બંધ કરાયેલા 32 હવાઈમથક તાત્કાલિક

અસરથી ફરી શરૂ કરવામાં આવ્યા છે. અગાઉ આ હવાઈ મથકો આ મહિનાની 15 તારીખ સુધી નાગરિક વિમાન સંચાલન માટે બંધ હતા. એક નિવેદનમાં, ભારતીય હવાઈમથક સત્તામંડળે મુસાફરોને એરલાઇન્સ સાથે ફ્લાઇટ સ્ટેટસ તપાસવા અને નિયમિત અપડેટ્સ માટે એરલાઇન્સની વેબસાઇટ્સનું નિરીક્ષણ કરવાની ભલામણ કરી છે.

. . . . . . . . . . . . . . .

# BJP OPERATION SINDOOR

ભારતીય જનતા પાર્ટીએ આજે કહ્યું, ભારતે ઑપરેશન સિંદૂરના માધ્યમથી આતંકવાદ સામેની લડાઈમાં સંપૂર્ણ વિશ્વને એક નિર્ણાયક સંદેશ આપ્યો છે.

નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા પક્ષ પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, પાકિસ્તાનને અલગ કરવા અને આતંકવાદના સામનામાં સામાન્ય સંમતિ બનાવવા માટે 20 દેશના નેતાઓ સાથે સીધા સંપર્કમાં હતા. તેમણે કહ્યું, અનેક ઇસ્લામિક દેશ સહિત આમાંથી પણ તમામ દેશોએ ભારતના વલણ પ્રત્યે પોતાનું સમર્થન વ્યક્ત કર્યું. શ્રી પાત્રાએ કહ્યું, ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતે પાકિસ્તાનમાં નવ આતંકી ઠેકાણા નેસ્તનાબૂદ કર્યા.

(BYTE: SAMBIT PATRA)

. . . . . . . . . . . . . . . .

## DGMO BFIFING

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓએ આજે યુધ્ધ વિરામની સ્થિતિ યથાવત રહે અને આ સમજૂતીને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે બેઠકનું આયોજન કર્યું છે. આ અગાઉ ગઈકાલે નવી દિલ્હીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ, લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું છે કે પાકિસ્તાન દ્વારા યુધ્ધની સ્થિતિનું નિર્માણ કરી દેવાયું છે.

નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, ડીજીએમઓએ જણાવ્યું હતું કે  ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદી કેન્દ્રો પર થયેલા હુમલામાં 100 થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે.. પાકિસ્તાન સૈન્ય દ્વારા ભારતીય ચોકીઓને નિશાન બનાવવાના આશય સાથે ભારતમાં ઘૂસણખોરીનો પ્રયાસ થઇ રહ્યો હોવાની માહિતી મળી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું

એર ઓપરેશન્સના ડિરેક્ટર જનરલ, એર માર્શલ એકે ભારતીએ વાયુસેના દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે કહ્યું હતું કે  પાકિસ્તાનના વિમાનોને સરહદની અંદર પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHHATTISGARH--ROAD-ACCIDENT

છત્તીસગઢમાં ગઈકાલે રાત્રે રાયપુરના સારાગાંવ નજીક થયેલા માર્ગ અકસ્માતમાં ૧૩ના મોત થયા છે. મૃતકોમાં ૯ મહિલા અને ૪ બાળકનો

સમાવેશ થાય છે.આ માર્ગ અકસ્માતમાં ૧૩થી વધુ ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. એક વાહન ખરોરા નજીક ટ્રક સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં લગભગ ૪૦ લોકો સવાર હતા.

. . . . . . . . . . . . . . . .

## KEDARNATH - MULE SERVICE

ઉત્તરાખંડમાં, ગૌરીકુંડથી કેદારનાથ ટ્રેક રૂટ પર ઘોડા અને ખચ્ચર સેવાઓ ફરી શરૂ થઇ ગઇ છે. અગાઉ અશ્વ ઈન્ફ્લ્યુએન્ઝાના ભયને કારણે આ સેવા કામચલાઉ ધોરણે બંધ કરાઇ હતી. પશુચિકિત્સા તપાસ પછી, એક હજાર 709 પ્રાણીઓને મુસાફરી માટે યોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા. સેવાઓ ફરી શરૂ થતાં, યાત્રાળુઓએ રાહત અનુભવી હતી, અને પશુ સંભાળનારાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. મુખ્ય પશુચિકિત્સા અધિકારી ડૉ. આશિષ રાવતના જણાવ્યા અનુસાર, ચેપ હવે ઝડપથી ઘટી રહ્યો છે અને અસરગ્રસ્ત પ્રાણીઓના આરોગ્યમાં સુધારો થઈ રહ્યો છે.

. . . . . . . . . . . . . . . .

## PM BUDDH PURNIMA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુદ્ધ પૂર્ણિમાના અવસરે તમામ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ

કહ્યું, સત્ય, સમાનતા અને સદભાવના સિદ્ધાંત પર આધારિત ભગવાન બુદ્ધનો સંદેશ માનવતા માટે માર્ગદર્શક રહ્યો છે. શ્રી મોદીએ કહ્યું, ત્યાગ અને તપસ્યાને સમર્પિત ભગવાન બુદ્ધનું જીવન વિશ્વ સમુદાયને હંમેશા કરુણા અને શાંતિ માટે પ્રેરણા પૂરું પાડતું રહેશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે ઉપહિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં છૂટાછવાયા વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આજે ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં વાવાઝોડાની આગાહી છે.આસામ, મેઘાલય અને પંજાબના કેટલાક વિસ્તારોમાં કરા સાથે વાવાઝોડાની શક્યતા છે.

બીજી તરફ બિહાર, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ વિસ્તારોમાં ગરમીનું મોજું ફરી વળવાની શકયતા છે. ઝારખંડ, કેરળ,

માહે, તમિલનાડુ અને પુડુચેરીમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહી શકે છે.આગામી 7 દિવસ દરમિયાન મધ્ય ભારતમાં મહત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરાઇ છે.

. . . . . . . . . . . . . . . .

## Sensex

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો થવાના પગલે શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ બે હજાર 500 પોઇન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 780 પોઇન્ટના વધારા સાથે ટ્રેડ કરી રહ્યો છે.

. . . . . . . . . . . . . . . .

## VIRAT KOHLI-RETIREMENT

વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે, આ સાથે ટેસ્ટ ક્રિકેટમાં તેમની ૧૪ વર્ષની શાનદાર સફરનો અંત આવ્યો છે.કોહલીએ સોશિયલ મીડિયા દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી હતી..

વિરાટે ટેસ્ટ ક્રિકેટ ૧૨૩ મેચોમાં ૪૬.૮૫ ની સરેરાશથી નવ હજાર ૨૩૦ રન બનાવ્યા છે.. પોતાની ૧૪ વર્ષની ટેસ્ટ કારકિર્દીમાં, કોહલી સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ અને સુનીલ ગાવસ્કર પછી ભારત માટે ચોથા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યા છે.

કોહલીએ ૬૮ ટેસ્ટમાં દેશનું નેતૃત્વ કરીને 40માં વિજય મેળવ્યો હતો.. અને ૧૭માં પરાજય થયો હતો..

. . . . . . . . . . . . . . . .

# SPORTS ROUNDUP

અને હવે રમતજગતના સમાચાર....

તીરંદાજી વિશ્વ-કપના બીજા તબક્કામાં ભારતનું અભિયાન સાત ચંદ્રક સાથે પૂર્ણ થયું. ચીનના શાંઘાઈમાં યોજાયેલી આ સ્પર્ધામાં ભારતે બે સુવર્ણ, એક રજત અને ચાર કાંસ્ય ચંદ્રક જીત્યા. વિશ્વકપનો ત્રીજો તબક્કો તુર્કીના અંતાલ્યામાં ત્રણથી આઠ જૂન સુધી યોજાશે.

બીજી તરફ, મહિલા ક્રિકેટમાં ભારતે ત્રણ દેશની વન-ડે શ્રેણી જીતી લીધી છે. ભારતીય ટીમે કૉલમ્બો ખાતે શ્રીલંકાને 97 રનથી પરાજય આપ્યો. ભારતે ટૉસ જીતીને પહેલા બેટિંગ કરતાં 50 ઑવરમાં સાત વિકેટે 342 રન બનાવ્યા. જવાબમાં શ્રીલંકાની ટીમ 48.2 ઑવરમાં 245 રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી.

ભારતનાં ઉપ-સુકાની સ્મૃતિ મંધાનાએ 116 રન બનાવ્યાં. તેમને મૅચનાં સર્વશ્રેષ્ઠ ખેલાડી અને સ્પિનર સ્નેહ રાણાને પ્લેયર ઑફ ધ સિરીઝ જાહેર કરાયાં.

તો ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સના આઠ-મા દિવસ છોકરાઓની કબડ્ડીની ફાઈનલ મૅચમાં હરિયાણાએ મહારાષ્ટ્રને હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. તો છોકરીઓની 49 કિલો વજન વર્ગમાં મહારાષ્ટ્રમાં અસ્મિતા ધોનેએ ક્લિન ઍન્ડ જર્કમાં 95 કિલો અને ઑવર-ઑલમાં 170 કિલોનું વજન ઉઠાવીને નવો વિક્રમ બનાવ્યો. તો તમિલનાડુએ બાળ ગર્લ્સ ફૂટબોલની પહેલી સેમિ-ફાઇનલમાં તમિલનાડુએ હરિયાણાને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો.

ખેલો ઇન્ડિયાના નવમા દિવસે આજે ખેલાડી બૉક્સિંગ, ટૅનિસ અને તલવારબાજીની સ્પર્ધાઓમાં ભાગ લેશે. આજે બે નવા માર્શલ આર્ટ રમત- કલાટીપયટ્ટૂ અને થાન્ગની પણ રમત રમાશે.

. . . . . . . . . . . . . . . .

# KHELO INDIA

બિહારમાં ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સના આઠમા દિવસે પણ મહારાષ્ટ્રનું વર્ચસ્વ યથાવત્ રહ્યું. મહારાષ્ટ્રે અત્યાર સુધી 30 સુવર્ણ અને 25 રજત સહિત 80 ચંદ્રક જીત્યા છે. કર્ણાટક 42 ચંદ્રક સાથે બીજા સ્થાને તો રાજસ્થાન 24 ચંદ્રક સાથે ત્રીજા સ્થાને છે.

. . . . . . . . . . . . . . . .

# BLA BALOCHISTAN

BLA- બલૂચ લિબરૅશન આર્મીએ બલુચિસ્તાનમાં 51થી વધુ સ્થળ પર 71 મોટા હુમલાની જવાબદારી લીધી છે. આ સંગઠનના એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે, પાકિસ્તાન માત્ર વૈશ્વિક આતંકવાદીઓ માટે એક ઉદભવ સ્થળ જ નહીં, પણ લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને I.S.I.S જેવા ખતરનાક આતંકી જૂથને રાષ્ટ્રપોષિત વિકાસનું પણ કેન્દ્ર છે.

બલૂચ લિબરેશન આર્મીનું કહેવું છે કે, વર્તમાન હિંસા ક્ષેત્રમાં ઘણા દિવસથી ચાલી રહેલું સ્વતંત્ર આંદાલનનો એક ભાગ છે.

. . . . . . . . . . . . . . . .

# NIA---KHALISTANI-ARREST

રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NIAએ ખાલિસ્તાની ઉગ્રવાદી કશ્મીર સિંહ ગલવડ્ડીની ધરપકડ કરીને મોટી સફળતા મેળવી છે.આ ઉગ્રવાદી પંજાબના લુધિયાણાનો રહેવાસી છે અને તે 2016માં પંજાબની નાભા જેલમાંથી નાસી છૂટયો હતો. NIAએ બિહાર પોલીસ સાથેની સંયુક્ત કાર્યવાહીમાં તેની મોતીહારીથી ધરપકડ કરી છે.તે ખલિસ્તાની આતંકવાદી હરવિંદર સિંહ સંધુ સાથે સતત સંપર્કમાં હતો. તેના પર ખાલિસ્તાન સમર્થકોને આશ્રય આપવા સહિત ભંડોળ અને અન્ય સુવિધાઓ પૂરી પાડવાનો આરોપ છે. કાશ્મીર સિંહને NIAની વિશેષ અદાલતે ગુનેગાર જાહેર કર્યો હતો. સતત ફરાર રહેતા આ આરોપી પર 10 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરાયું હતું.

. . . . . . . . . . . . . . . .